# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 28-10-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : TUESDAY** **National News**

આકાશવાણી સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

****************************************************

1. આંધ્રપ્રદેશના દરિયાકાંઠે ચક્રવાત મોન્થાની અસરને કારણે 90થી 100 કિલોમીટરની ઝડપે પવન સાથે ભારે વરસાદ
2. ઓડિશામાં ચક્રવાતની અસરને પગલે તંત્ર સતર્ક, ગુજરાતમાં પણ સવારથી ધોધમાર વરસાદ
3. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ આબોહવા પરિવર્તનને પહોંચી વળવા માટે તાત્કાલિક અને નક્કર પગલાં લેવા પર ભાર મૂક્યો.
4. વાણિજ્યિક કોલસા ખાણ હરાજીનો 14મો તબક્કો આવતીકાલથી શરૂ થશે.
5. અબુ ધાબીમાં ભારતીય દૂતાવાસે આજથી તમામ ભારતીય નાગરિકોને ઈ-પાસપોર્ટની સુવિધા શરૂ કરી.

………………………………………………………………………

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....**

# CYCLONE MONTHA – AP (PAGE 1)

ચક્રવાત મોન્થો તીવ્ર ચક્રવાતી વાવાઝોડામાં પરિણમ્યું છે. આ સાથે 90 થી 100 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવા ની સાથે આંધ્રપ્રદેશના દરિયાકાંઠાના વિસ્તારોમાં ભારે વરસાદ પડી રહ્યો છે. વાવાઝોડું આજે મોડી રાત્રે કાકીનાડા નજીક ટકરાય તેવી શક્યતા છે.

સાંભળીએ એક અહેવાલ.....

મોન્થાના કારણે શ્રીકાકુલમ, વિજયનગરમ, વિશાખાપટ્ટનમ, અનાકાપલ્લે, પૂર્વ ગોદાવરી, કોનસીમા, કાકીનાડા, કૃષ્ણગિરિ, નલ્લાપુર અને પ્રકાશમ જિલ્લામાં ભારે વરસાદ પડી રહ્યો છે. તેનાથી લગભગ 1 ,400 ગામડાઓ અને 44 શહેરો પ્રભાવિત થવાની સભાવના છે.

વહીવટીતંત્રે અનેક જિલ્લાઓમાં ભારે વરસાદનું ઓરેંજ અને યલ્લો એલર્ટ આપ્યું છે. અસરગ્રસ્ત જિલ્લાઓમાં શાળાઓ અને કોલેજો બે દિવસ માટે બંધ રાખવામા આવી છે. ટ્રેન અને હવાઈ સેવાઓ ખોરવાઈ છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મુખ્યમંત્રી સાથે વાત કરીને રાહત અને પુનર્વસન પ્રયાસો માટે તમામ કેન્દ્રીય સહાયની ખાતરી આપી છે.

કરણ પરમાર, આકાશવાણી સમાચાર, અમદાવાદ.

# ODISSA MONTHA

ચક્રવાત મોન્થાની સંભવિત અસરના પગલે ઓડિશા સરકારે તકેદારીના પગલાં લીધાં છે.

ચક્રવાત બાદની અસરને પહોંચી વળવા માટે તંત્ર ખડે પગે છે.

સાંભળીએ એક અહેવાલ

## વોઇસ કાસ્ટ – પ્રકાશ દાસ

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# GUJ RAIN

છેલ્લા ત્રણ દિવસથી ગુજરાતના કેટલાંક જીલ્લાઓમાં ભારે વરસાદ વરસી રહ્યો છે. સત્તાવાર રીતે જાહેર કરાયેલા આંકડા અનુસાર આજે સવારે છ વાગ્યાથી બપોરના બાર વાગ્યા સુધીમાં ગુજરાતના 81 તાલુકાઓમાં વરસાદ વરસ્યો છે.

સૌરાષ્ટ્ર વિસ્તારમાં વધુ વરસાદ વરસી રહ્યો છે.તેમા ખાસકરીને દરિયાકિનારાના વિસ્તારોમાં ધોધમાર વરસાદને કારણે અનેક વિસ્તારોમાં જળબંબાકારની સ્થિતિ સર્જાઇ છે.

સત્તાવાર અહેવાલ અનુસાર અત્યાર સુધીમાં ગીર સોમનાથા પ્રભાસ પાટણ-વેરવાળ અને સૂત્રાપાડા , તાળાલામાં સૌથી વધુ વરસાદ નોંધાયો છે.. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વરસાદની સ્થિતીની સમીક્ષા કરીને મંત્રીઓને વરસાદગ્રસ્ત વિસ્તારોમાં મોકલીને સ્થિતી પર નજર રાખવા કહ્યું છે.

એનડીઆરએફ, એસડીઆરએફ અને સ્થાનિક તંત્રની ટીમો બચાવ અને રાહત કાર્યમાં વ્યસ્ત છે.

. . . . . . . . . . .

# CYCLONE MONTHA

હવામાન વિભાગે આજે ઓડિશા , છત્તીસગઢ અને દરિયાકાંઠાના આંધ્રપ્રદેશમાં ભારે વરસાદ માટે રેડ એલર્ટ જારી કર્યું છે. હવામાન વિભાગે આજે રાયલસીમા , તમિલનાડુ, પુડુચેરી, કરાઈકલ અને તેલંગાણામાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરી છે. દરિયાકાંઠાના કર્ણાટક , પૂર્વ રાજસ્થાન , ગંગા પશ્ચિમ બંગાળ , ગુજરાત, ઝારખંડ, કેરળ, માહે, કોંકણ, ગોવા, મધ્ય મહારાષ્ટ્ર, ઉત્તર આંતરિક કર્ણાટક અને વિદર્ભના કેટલાક ભાગોમાં પણ આજે મધ્યમથી ભારે વરસાદ પડવાની શક્યતા છે.

. . . . . . . . . . . . . . . . .

# PRESIDENT ISA

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ આબોહવા પરિવર્તનને પહોંચી વળવા માટે તાત્કાલિક અને નક્કર પગલાં લેવાની જરૂરિયાત પર ભાર મૂક્યો છે , તેમણે ઉમેર્યું હતું કે આ મુદ્દો સમગ્ર વિશ્વને અસર કરી રહ્યો છે.

આજે નવી દિલ્હીમાં આંતરરાષ્ટ્રીય સૌર ગઠબંધન સંમેલનના 8મા સત્રને સંબોધતા, રાષ્ટ્રપતિએ ભાર મૂક્યો કે ભારત આબોહવા પરિવર્તનનો સામનો કરવા માટે પ્રતિબદ્ધ છે અને આ દિશામાં દૃઢ પગલાં લઈ રહ્યું છે.

તેમણે એ પણ ઉલ્લેખ કર્યો કે ભારત અને વિશ્વભરની સંસ્કૃતિઓ લાંબા સમયથી સૂર્યને જીવન અને ઊર્જાના અંતિમ સ્ત્રોત તરીકે માન આપે છે.નવા અને નવીનીકરણીય ઉર્જા મંત્રી પ્રહલાદ જોશી અને ISA ના મહાનિર્દેશક, આશિષ ખન્ના પણ આ કાર્યક્રમમાં હાજર રહ્યા હતા.

વિશ્વભરના લગભગ 124 દેશો અને 40 થી વધુ મંત્રીઓ આ વૈશ્વિક કાર્યક્રમમાં હાજરી આપી રહ્યા છે.

. . . . . . . .

# VP-VISIT CONCLUDED

ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણન સેશેલ્સની મુલાકાત બાદ આજે ભારત પરત ફર્યા છે. તેઓ સેશેલ્સના નવા ચૂંટાયેલા રાષ્ટ્રપતિ ડૉ. પેટ્રિક હર્મિનીના શપથ ગ્રહણ સમારોહમાં હાજરી આપવા માટે સેશેલ્સમાં હતા. વિદેશ મંત્રાલયના જણાવ્યા પ્રમાણે  ઉપરાષ્ટ્રપતિએ સેશેલ્સના રાષ્ટ્રપતિ ડૉ. પેટ્રિક હર્મિની અને ઉપરાષ્ટ્રપતિ સેબેસ્ટિયન પિલ્લે સાથે મુલાકાત કરી હતી.

તેમણે વિકાસશીલ અને ઓછા વિકસિત દેશો પ્રત્યે ભારતની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો. બેઠકો દરમિયાન, ભારત અને સેશેલ્સ વચ્ચે બહુપક્ષીય દ્વિપક્ષીય ભાગીદારીને વધુ મજબૂત બનાવવા પર ચર્ચા થઈ.

ઉપરાષ્ટ્રપતિએ મોરેશિયસના પ્રધાનમંત્રી    ડૉ. નવીનચંદ્ર રામગુલામ સાથે પણ મુલાકાત કરી. સેશેલ્સમાં ભારતીય સમુદાયને સંબોધન કરતાં શ્રી રાધાકૃષ્ણને બંને દેશો વચ્ચે સાંસ્કૃતિક અને લોકો-થી-લોકોના સંબંધોને મજબૂત બનાવવામાં તેમના યોગદાનની પ્રશંસા કરી.

. . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી YOUTUBE ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ NEWSONAIR.GOV.IN/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

**(ગોન્ગ મ્યુઝિક)**

**........**

# PM MODI

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દેશના યુવાનોને વિકસીત ભારત ક્વિઝ સ્પર્ધામાં ભાગ લેવા અનુરોધ કર્યો છે.

સોશિયલ મીડિયા પોસ્ટમાં શ્રી મોદીએ કહ્યું કે , વિકસીત ભારત યંગ લીડર્સ ડાયલોગના બીજો તબક્કાએ દેશના યુવાનો માટે રાષ્ટ્ર નિર્માણમાં યોગદાન આપવાની એક શ્રેષ્ઠ તક છે. તેમણે કહ્યું કે યુવાનોના વિચારો અને આંતરદ્રષ્ટિ વિકસીત ભારત બનાવવાનો માર્ગ મોકળો કરી શકે છે.

આ ક્વિઝમાં 31મી ઑક્ટોબર સુધી ભાગ લઈ શકાશે. વિકસીત ભારત ક્વિઝ આવતા વર્ષે 10 થી 12 જાન્યુઆરી દરમિયાન સમાપ્ત થશે.

. . . . . . . . . . . . . . .

# COAL-AUCTION

નવી દિલ્હીમાં આવતીકાલે વાણિજ્યિક કોલસા ખાણ હરાજીનો 14મો તબક્કો શરૂ થશે.

કેન્દ્રીય કોલસા અને ખાણ મંત્રી જી. કિશન રેડ્ડી તેની શરૂઆત કરાવશે. કોલસા મંત્રાલયે જણાવ્યા પ્રમાણે હરાજીનો હેતુ વ્યવસાય કરવામાં સરળતાને પ્રોત્સાહન આપવા, વિવિધ રોકાણોને આકર્ષવા અને વ્યાપક ઉદ્યોગ ભાગીદારીને પ્રોત્સાહન આપવાનો છે. કોલસા મંત્રાલય પ્રથમ વખત, હરાજી માળખામાં ભૂગર્ભ કોલસા ગેસિફિકેશન (UCG) માટે જોગવાઈઓ રજૂ કરી રહ્યું છે.

UCG ભારતના ઊંડાણના કોલસા ભંડાર-સંસાધનોનો ઉપયોગ કરવાની પહેલનું પ્રતિનિધિત્વ કરે છે જે પરંપરાગત પદ્ધતિઓ દ્વારા ખાણકામ કરી શકાતા નથી. આ કાર્યક્રમ દરમિયાન , કોલસા મંત્રાલય બે પરિવર્તનશીલ ડિજિટલ પ્લેટફોર્મ, કોલસા જમીન સંપાદન, વ્યવસ્થાપન અને ચુકવણી પોર્ટલ અને કોયલા શક્તિ ડેશબોર્ડ પણ લોન્ચ કરશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# UAE E-PASSPORTS

અબુ ધાબીમાં ભારતીય દૂતાવાસે  આજથી UAE માં રહેતા તમામ ભારતીય નાગરિકોને એમ્બેડેડ ચિપ્સ સાથે ઈ-પાસપોર્ટ જારી કરવા માટે અપગ્રેડેડ પાસપોર્ટ સિસ્ટમ શરૂ કરવાની જાહેરાત કરી છે.

આજથી, બધા પાસપોર્ટ અરજદારોએ પાસપોર્ટ સેવાઓનો ઉપયોગ કરવા માટે ઓનલાઈન પોર્ટલનો ઉપયોગ કરવો આવશ્યક છે. નવી સિસ્ટમ UAE માં પાસપોર્ટ સંબંધિત સેવાઓ મેળવવા માંગતા તમામ ભારતીય વિદેશીઓને લાગુ પડે છે.

આ અપગ્રેડ ઈ-પાસપોર્ટ ડિજિટાઇઝ્ડ પાસપોર્ટ ધારકની માહિતી સંગ્રહિત કરે છે. આ ચિપ-સક્ષમ પાસપોર્ટ વિશ્વભરના ઇમિગ્રેશન ચેકપોઇન્ટ્સ પર ઝડપી અને સરળ ક્લિયરન્સ માટે રચાયેલ છે, જે ભારતીય મુસાફરી દસ્તાવેજોને આંતરરાષ્ટ્રીય બાયોમેટ્રિક પાસપોર્ટ ધોરણોને અનુસરે છે.

GPSP 2.0 પોર્ટલ અરજી પ્રક્રિયાને સુવ્યવસ્થિત કરવાના હેતુથી ઘણી સુવિધા સુવિધાઓ શરૂ કરાઇ  છે. અરજદારો પાસે હવે તેમની નિમણૂક પહેલાં ICAO-અનુરૂપ ફોટોગ્રાફ્સ, સહીઓ અને સહાયક દસ્તાવેજો સીધા ઓનલાઈન પોર્ટલ દ્વારા અપલોડ કરવાનો વિકલ્પ છે.

. . . . . . . . . .

# RIYADH CULTURAL FESTIVAL

સાઉદી અરેબિયાના પાટનગર રિયાધમાં ભારતીય દૂતાવાસ આજથી 3 નવેમ્બર સુધી ત્રીજા પ્રવાસી પરિચય સપ્તાહની ઉજવણી કરશે. આ સાંસ્કૃતિક ઉત્સવ ભારતના વૈવિધ્યસભર વારસાને પ્રદર્શિત કરે છે. આ ઉત્સવ સૌપ્રથમ 2023માં યોજાયો હતો.

સાઉદી અરેબિયામાં ભારતીય સમુદાય શાસ્ત્રીય નૃત્ય , સંગીત, લોક કલા અને રાંધણ પરંપરાઓ સંબંધિત કાર્યક્રમોમાં ભાગ લે છે. આ વર્ષે , ઉત્સવમાં ભારતના વિવિધ રાજ્યોની પરંપરાગત સંસ્કૃતિ પર વિશેષ કાર્યક્રમો તેમજ ગીતા મહોત્સવનો સમાવેશ કરવામાં આવશે.

. . . . . . . . . . . . .

# KUALA LUMPUR DECLARATION

કુઆલાલંપુરમાં યોજાયેલી 20મી પૂર્વ એશિયા સમિટમાં શાંતિ અને સ્થિરતા પ્રત્યેની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કરતું ઘોષણાપત્ર અપનાવવામાં આવ્યું છે.

તેમાં વ્યૂહાત્મક વિશ્વાસને પ્રોત્સાહન આપવા અને પ્રાદેશિક અને આંતરરાષ્ટ્રીય બાબતોમાં પારદર્શક અને જવાબદાર વર્તન સુનિશ્ચિત કરવા માટે અન્ય સહભાગી દેશો સાથે ગાઢ ભાગીદારીનું આહ્વાન કરવામાં આવ્યું હતું.

ઘોષણામાં પ્રાદેશિક વિકાસ સહયોગ , સુરક્ષા નીતિઓ, આપત્તિ વ્યવસ્થાપન અને વિકસતા પ્રાદેશિક સ્થાપત્ય પર ચર્ચાઓ અંગે માહિતીના આદાનપ્રદાનના મહત્વ પર પણ ભાર મૂકવામાં આવ્યો હતો.

. . . . . . . . . .

# J&K SECTURITY TEAM

જમ્મુ અને કાશ્મીરમાં , વિવિધ સુરક્ષા અને ગુપ્તચર એજન્સીઓના અધિકારીઓની સંયુક્ત ટીમે ગઈકાલે જમ્મુમાં આંતરરાષ્ટ્રીય સરહદ પર બોર્ડર આઉટપોસ્ટ ઓક્ટ્રોયની મુલાકાત લીધી હતી અને અસરકારક સરહદ દેખરેખ માટે તૈનાત માળખાગત સુવિધાઓ અને તકનીકી સંપત્તિઓની સમીક્ષા કરી હતી.

સુચેતગઢ સેક્ટરમાં ક્રોસ-એસ્ટાબ્લિશમેન્ટ ટીમની મુલાકાત BSF દ્વારા આ મહિનાની 15મી તારીખથી જમ્મુ ક્ષેત્રના સિવિલ-મિલિટરી ફ્યુઝન કેપ્સ્યુલના ભાગ રૂપે યોજાઈ હતી. સેના , BSF, CRPF, IB અને J&K પોલીસના અધિકારીઓએ આ મુલાકાત લીધી હતી.

મુલાકાત દરમિયાન, BSF અધિકારીઓએ સરહદ દેખરેખ, ઘૂસણખોરી વિરોધી પગલાં અને સરહદી વસ્તીના મુદ્દાઓના સંચાલનમાં દળની જવાબદારીઓ અંગેની ઓપરેશનલ બ્રીફિંગ આપી હતી. સહભાગીઓએ BSFની વ્યાવસાયિકતા , ઓપરેશનલ તૈયારી અને રાષ્ટ્રની સરહદોની સુરક્ષામાં તેના મહત્વપૂર્ણ યોગદાન માટે પ્રશંસા કરી હતી.

. . . . . . . . . . .